# સંશોધન નિયામકશ્રીની કચેરી
## નવસારી કૃષિ યુનિવર્સિટી

NAVSARI AGRICULTURAL UNIVERSITY

## :: પરિપત્ર ::

વિષય :– નવસારી કૃષિ યુનિ. ના પેટા કેન્દ્ર પરના સંશોધનના હયાત પ્રોજેકટોની સમીક્ષા અંગેની બેઠકની કાર્યવાહી નોંધ

આજ રોજના તા. ર૭–૯–ર૦૧૩ ના સવારના ૯.૦૦ કલાકે કોન્ફરન્સ હોલ, મા.કુલપતિશ્રીની કચેરી ખાતે મા. સંશોધન નિયામકશ્રીના અધ્યક્ષકતા હેઠળ ઉકત વિષયને આનુસાંગિક બેઠક બોલાવવામાં આવેલ હતી.

કાર્યવાહી નોંધ :–

સૌ પ્રથમ ડૉ બી.એન.પટેલ, સહ સંશોધન નિયામકશ્રીએ હાજર રહેલા તમામ અધિકારીઓને આવકાર્યા બાદમાં બેઠકના અધ્યક્ષ સ્થાનેથી માનનીય સંશોધન નિયામકશ્રી ડૉ. એ.એન.સાબલપરા સાહેબ એ બધાને આવકારીને વિષયુકત ચર્ચા પૂર્વ નીચે મુજબ માહિતીથી સર્વેને અવગત કર્યા.

૧. કેન્દ્ર પર અખતરાઓ લેવા બાબત..

દરેક કેન્દ્રએ યોજનાવાર અખતરાઓ ગોઠવીને વૈજ્ઞાનિકોને વ્યકિતગત જવાબદારી સોંપી પ્રિન્સીપાલ ઈન્વેસ્ટીગેટર ન્યુકત કરવા જોઈએ. જેથી જે તે અખતરા અને પ્રોજેકટ અંગેની તમામ જવાબદારી તેઓને નકકી કરી શકાય તેમજ તે અંગેની ક્રેડિટ પણ તેઓને મળી શકે

ર. ગુડ એગ્રીકલ્ચરલ પ્રેકટાઈસીસ

દરેક પાકના સંશોધન વૈજ્ઞાનિકશ્રીઓએ પોતાના પાકની ગુડ એગ્રીકલ્ચરલ પ્રેકટાઈસીસ( GAP) તૈયાર કરવી અને યુનિવર્સિટી વેબ સાઈડ પર મુકવી જોઈએ.

ર. એકેડેમીક પરફોરમર્ન્સ ઈન્ડીકેટર (એપીઆઈ)

હવેથી દરેક વૈજ્ઞાનિકોએ આઈસીએઆર ધ્વારા નકકી થયેલ એપીઆઈ પૂર્ણ કરવાના રહેશે જેથી દરેક વૈજ્ઞાનિકશ્રીઓએ પોતાનું પરફોરમર્ન્સ યોગ્ય રીતે પૂર્ણ કરવું પડશે જેથી આ અંગે દરેક વૈજ્ઞાનિકશ્રીઓએ જાગૃતિ દાખવી ફરજો નિભાવવી અને તેની યોગ્ય નોંધ પણ કરવી જરૂરી છે.

ત્યારબાદ નવસારી કૃષિ યુનિવર્સિટી હેઠળના સંશોધન કેન્દ્રો ખાતેના સંશોધનના હયાત પ્રોજેકટોની સમિક્ષા માટે માનનીય સરકારશ્રીમાં રજુ કરવાની થતી માહિતીની મુદાસર છણાવટ નીચે મુજબ કરવામાં આવી.

| | |
|---|---|
| ટેમ્પલેટ–૧ | ટેમ્પલેટ–૧ માં બંધ થયેલ અને મર્જ થયેલા સંશોધનના પ્લાન યોજનાની માહિતી કઈ રીતે ભરવી, તેમા રાખવાની કાળજી વિગેરેની સમજુતી આપવામાં આવી. જેમાં પ્રોજેકટ બંધ થવાના કારણો, હેતુઓ સિધ્ધ થયા હોય તે વધુ વ્યવસ્થિત અને મુદદાસર જણાવવામાં આવ્યુ. |
| ટેમ્પલેટ–ર | પ્લાન / નોન પ્લાન બંનેના હયાત પ્રોજેકટ ની પ્રોજેકટ દિઠ અલગ અલગ PPT સ્લાઈડ બનાવવી, જેમાં નિયત થયેલા કોલમ અને રો માં સંક્ષિપ્તમાં સચોટ માહિતી ભરવાનું જણાવવામાં આવ્યુ અને તેની વિગતે ચર્ચા પણ કરવામાં આવી. |
| ટેમ્પલેટ–૩ (અ),(બ),(ક) | વર્ષ :– ર૦૧૦–૧૧, ર૦૧૧–૧ર અને ર૦૧ર–૧૩ ના વર્ષોમાં મંજુર થયેલા પ્રોજેકટની માહિતીની વિગતો ભરવાની સમજુતી આપવામાં આવી |

| | |
|---|---|
| ટેમ્પલેટ–૪ | <u>રોડ મેપ અને બેંચ માર્ક</u><br>જુદા–જુદા એરીયા મુજબ સબંધિત કેન્દ્રના વડાશ્રીઓને રોડમેપ અને બેંચમાર્ક તૈયાર કરવા માટે કામગીરી નકકી કરવામાં આવી જેની વિગત સામેલ પત્રક મુજબ છે. જે મુજબ જે તે વૈજ્ઞાનિકશ્રીએ ટેમ્પલેટ–૪ બનાવી ને રજુ કરવું. |
| ટેમ્પલેટ–૫ | ૨૦૧૩–૧૪ ના વર્ષ માટે સંશોધન હેઠળ રજુ કરવામાં આવેલ પ્રોજેકટની વિગતો ભરવાની છે. આ માટે સંશોધન નિયામકશ્રીની કચેરીને મળેલા અને સ્કુટીની થયેલા પ્રોજેકટોની માહિતી પ્લાનીંગ શાખામાંથી રજુ કરવામાં આવશે. |
| ટેમ્પલેટ–૬ | રૂા. ૫.૦૦ લાખ કે તેથી વધુની કિંમતના હયાત સાધનો જે તે પ્રોજેકટમાં ખરીદેલ હોય તેની પ્રોજેકટ વાઈઝ અલગ–અલગ સ્લાઈડો બનાવવાની રહેશે. |

અંતમાં, પ્લાન યોજનાઓ, નોન પ્લાન યોજનાઓ ની યાદીની વિગતોની જાણકારી તમામને આપવામાં આવી.

આમ ઉપરોકત સઘળી બાબતો ઘ્યાને લઈને સબંધિત અધિકારીઓએ પોતાને લાગુ પડતી માહિતી સુધારા–વધારા સાથે **<u>પાવર પોઈન્ટ પ્રેઝન્ટેશન (પીપીટી) ફકત એલએમજી–અરૂન ફોન્ટ, સાઈઝ–૧૮માં તૈયાર કરીને આજ રોજ તા. ૨૭–૯–૨૦૧૩ સાંજના ૧૬.૦૦ કલાક સુધીમાં રૂબરૂ સોફટ કોપી</u>** માં અત્રે આપીને જવાનું રહેશે. આ અંગેની વિગતવાર ટેમ્પલેટ વિગેરેની માહિતી યુનિવર્સિટી વેબ સાઈડ પર પરિપત્રીત કરવામાં આવેલ છે.

આમ વિગતે ચર્ચા પછી બધાનો આભાર માની બેઠક પૂર્ણ કરવામાં આવી.

**સંશોધન નિયામક અને**
**અનુસ્નાતક વિદ્યાશાખાધ્યક્ષ**

**સામેલ :** પત્રક

**જા.નં. નકૃયુ/ સંનિ / આયોજન/ 10596 / ૨૦૧૩**
**નવસારી, તા. ૨૭/ ૦૯/૨૦૧૩**

<u>**નકલ સવિનય રવાના :**</u>
આ યુનિવર્સિટીના તમામ પેટા કેન્દ્રના વડાશ્રીઓ તરફ જાણ તેમજ અમલ કરવા સારૂ.

## :: પત્રક ::

ટેમ્પલેટ નં.૪ રોડ મેપ અને બેંચ માર્ક તૈયાર કરવા માટે નીચેની વિગતેના અધિકારીશ્રીઓને કામગીરી સોંપવામાં આવે છે.

| અ.નં. | વિષય | વિસ્તાર | અમલ કરનાર સંબંધિત અધિકારી |
|---|---|---|---|
| ૧. | ધાન્ય પાકો | જુવાર, નીઝર ગોટી, ઘાસચારા | ડો. બી.જી.સોલંકી, સુરત |
| | | નાગલી( રોગ જીવાત ઓર્ગનીક વેલ્યુએડીશન, ઉત્પાદન અને વિસ્તાર) | ડો. પી.પી.ચૌધરી, વઘઈ |
| ૨. | રોકડીયા પાક | કપાસ | સંશોધન વૈજ્ઞાનિકશ્રી, કપાસ સંશોધન કેન્દ્ર, સુરત |
| | | સર્જીકલ કપાસ | શ્રી વિનુભાઈ, ભરૂચ |
| ૩. | શાકભાજી પાક | ભીંડા | ડો. કમલેશ ચૌધરી |
| | | રીંગણ | ડો. કમલેશ ચૌધરી |
| | | પરવળ | ડો. કમલેશ ચૌધરી |
| | | કીચન ગાર્ડન | ડો. કમલેશ ચૌધરી |
| ૪. | માઈનોર ફ્રુટસ | કાજુ | ર્ડા. એન.આઈ.શાહ |
| ૫. | ઘઉં | | શ્રી મહેશ લાડ |
| ૭. | તેલીબીયા પાકો | સોયાબીન | ડો. એમ.સી.પટેલ,વણારસી |
| | | ખરસાણી, | ડો. એમ.સી.પટેલ,વણારસી |

સંશોધન નિયામક અને
અનુસ્નાતક વિદ્યાશાખાધ્યક્ષ